# ડીસા શહેરની સરદાર ક્રેડીટ સોસાયટી ફડચામાં : રજીસ્ટારે કર્યો આદેશ

ડીસા, તા. ૨૫

ડીસા શહેરની ધી સરદાર કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીના પૂર્વ ચેરમેન સહિત કેટલાંક હોદ્દેદારોએ ક્રેડીટ સોસાયટીમાંથી પોતાના મળતીયાઓને કોઇ પણ જાતના માર્ગેજ દસ્તાવેજો વગર લાખો ની લોનો આપી મંડળીના નાણાંની મોટી ઉચાપત કરતા આ મંડળી ની થાપણો સલવાઈ હતી અને વર્ષ ૨૦૦૭ થી આ મંડળી સુસુપ્ત અવસ્થામાં હતી. જો કે હવે જિલા રજીસ્ટારે આ મંડળી એ વચગાળા ના હુકમે ફડચામાં મુકતા હજારો શ્રમજીવી વર્ગ નાં થાપણદારો નાં નાણાં ડૂબવાની ભીતિ સેવાઈ રહી છે

આખરે છેલ્લા છ વર્ષ થી અનેકો વિવાદ માં ધેરાયેલી ડીસા શહેરની ધી સરદાર કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી બનાસકાંઠા ના જીલ્લા રજીસ્ટારેવચગાળા ના હુકમે ફડચામાં મુકવાનો હુકમ કરેલ છે. આ બેંક માં પોતાની પરસેવા ની કમાણી જરૂરીયાત સમયે કામે લાગશે તેવા વિશ્વાસ થી આ મંડળી માં થાપણ તરીકે મુકનારા નાં થાપણદારો લારીગલ્લા વાળા, દરજીકામ કરતા અને શાખભાજી વેચતા ફેરીયા અને મજુરો હતા, જેમાં શહેરના અનેક ગરીબ અને મધ્યમ વર્ગના લોકોએ પોતાની પરસેવાની કમાણીના નાણાં મંડળીમાં થાપણ તરીકે મૂક્યા હતા.

જો કે, ક્રેડીટ મંડળીના તત્કાલીન ચેરમેન ખેમચંદભાઇ ચુવડમલ વલેરા સહિત કેટલાંક ડિરેકટરોએ વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૮ના સમયગાળા દરમિયાન એકબીજાના મેળપીપણામાં સગા-સબંધીઓ અને મળતીયાઓને કોઇ પણ જાતના મોર્ગેજ વગર આડેધડ લોનો ફાળવી લાખો રૂપિયાની નાણાંકીય ઉચાપત કરી હતી. જે લોનના નાણાં પરત ન ભરાતાં મંડળીની શાખને ધબ્બો લાગ્યો હતો અને થાપણદારોએ મંડળીના વહીવટકર્તાઓ સામે હલ્લો મચાવ્યો હતો. જેથી મંડળીના હોદ્દેદારોને દૂર કરી કસ્ટોડીયન (વહીવટદાર)ની નિમણૂંક કરાઇ હતી અને તપાસ દરમિયાન રૂ. ૬૫.૮૦ લાખની ઉચાપત જણાતાં મંડળીના તત્કાલીન કસ્ટોડીયન એસ.એમ. ધોરીએ મંડળીના ચેરમેન ખેમચંદભાઇ ચુવડમલ વલેરા સહિત ૧૦ બાકીદારો સામે ડીસા શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આઇ.પી.સી. ની વિવિધ કલમો હેઠળ નાણાંકીય ઉચાપત તેમજ મહત્ત્વના દસ્તાવેજો ઉઠાવી જવાનો ગુનો નોંધી ચેરમેનની ધરપકડ કરી હતી.

જો કે મંડળી નાં વહીવટકારો એ ભારે ધુપ્લ્લ્બાજી ચલાવી લાખો લોન પેટે મેળવી આ લોન ભરપાઈ ન કરતા મજુર વર્ગ નાં આ લોકો ની હાલત દયનીય બનેલ છે આ મંડળી નાં સંચાલક મંડળ નાં સભ્યો નો કલંકિત ઈતિહાસ જોઈએ તો આ મંડળી નાં પૂર્વ ચેરમેન ખેમચંદ ભાઈ વલેરા સહિત કેટલાંક હોદ્દેદારોએ ક્રેડીટ સોસાયટીમાંથી પોતાના મળતીયાઓને કોઈ પણ જાતના માર્ગેજ દસ્તાવેજો વગર લોન આપી મંડળીના નાણાંની મોટી ઉચાપત કરી હતી. અને આ લોનો સમયસર ભરપાઈ ન થતા અને રીકવરી પણ મળતિયા લોન ધારકો જ હોઈ ન આવતા મંડળી ની લાખો ની થાપણો સલવાઈ હતી જે બાદ આ સમગ્ર કોભાંડ બહાર આવતા ડીસા ની કોર્ટો માં પૂર્વ ચેરમેન ખેમચંદ ભાઈ વલેરા સામે ફોજદારી ધારા મુજબ કેશ દાખલ થયો હતો જેમાં ટ્રાયલ અંતે કેસમાં ડીસા કોર્ટના એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ બી.ટી. દવેએ મંડળીના પૂર્વ ચેરમેન ખેમચંદભાઇ વલેરાને દોષિત ઠેરવી ભારતીય દંડ સહિતાની અલગ-અલગ કલમો હેઠળ કુલ ૧૧ વર્ષની સખત કેદની સજા ફટકારવાનો આદેશ કર્યો હતો. ન્યાયાધીશના આ હુકમથી ગરીબ થાપણદારોની ન્યાયની આશા જીવંત બની હતી, અને અને બનાસ બેંકનાં નીમાયેલા કસ્તોદીયલ થી રીકવરી થશે અને તેમની થાપણો પરત મળશે તેવી તેમને આશા બંધાઈ હતી,જોકે હવે, બનાસકાંઠા જીલ્લા રજીસ્ટારે મંડળી ને ફડચામાં મુકતા ૪૦૦થી વધુ ગરીબ થાપણદારોનાં અંદાજીત સવા કરોડ થી વધુ ની રકમ સલવાઈ છે અને મંડળી ફડચામાં જત્તા થાપણો નું શું. ? તે સવાલ આ ગરીબ અને અબુધ થાપણદારો શોધવા જાણે હવામાં જ હવાતિયા મારી રહ્યા છે.




પ્રાંતિજ તાલુકાના કતપુર પાટીયા પાસે આવેલા ટોલપ્લાઝા ઉપર તગડો ટેક્ષ વસુલવામાં આવે છે. તેમ છતાં કોઈપણ પ્રકારની સુવિધાઓ લોકોને આજદિન સુધી આપવામાં આવી નથી. આ ટોલ પ્લાઝા પર પાણી, શૌચાલય કે સ્ટ્રીટલાઈટની સુવિધાના નામે મીંડુ છે... તો બીજી તરફ માર્ગ પરના તમામ સી.સી. ટી.વી. કેમેરા પણ બંધ હાલતમાં હોવાથી તેમજ છૂટા પૈસા ન હોવાનું કહી ટોલપ્લાઝાના કર્મચારીઓ વાહન ચાલકોને બિસ્કીટના પેકેટ પધરાવે છે. પરિણામે રોજીંદા તુ તુ મે મે ના કિસ્સાઓ વધી રહ્યા છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ધનસુરા ચાર રસ્તા માર્ગ પર બમ્પ-ડિવાઈડર બનાવવા માંગ

ધનસુરા, તા. ૨૫

ટ્રાફિકથી ધમધમતા ધનસુરા ચાર રસ્તા રોજના હજારો વાહનો દોડે છે. જેથી અનેકવાર અકસ્માતો સર્જાય છે. ફોરલેન માર્ગ બન્યા પછી અકસ્માતોનું પ્રમાણ પણ વધતા તાત્કાલિક બમ્પ અને ડીવાઈડરની ખાસ જરૂરિયાત ઉભી થવા પામી છે.

સાબરકાંઠા જિલ્લાના ધનસુરામાં સ્થિત ધનસુરા ચાર રસ્તા ઉપરથી નડીયાદ-મુંબઈ વચ્ચે દોડતી અસંખ્ય ટ્રકો સહિત નાના મોટા વાહનો દિવસ રાત દોડે છે. બેફામ ગતિએ દોડતા વાહન અનેકવાર ગંભીર અકસ્માતને નોંતરે છે. નડીયાદ-મુંબઈ માર્ગ ફોરલેન બનતા વાહનોની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. જ્યારે આસપાસના વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પણ અવરજવર વધારે રહે છે. આ મામલે સ્થાનિકોએ અનેકવાર રજૂઆતો કરી આ માર્ગ પર બમ્પ અને ડિવાઈડર બનાવવા માંગ કરી છે. તેમ છતાં કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા સ્થાનિકોએ આ મામલે ઉગ્ર રોષ વ્યક્ત કરી તુરંત માર્ગ પર બમ્પ અને ડિવાઈડર બનાવવા માંગણી કરી છે.

# શિક્ષણ સાથે ચરીત્ર ઘડતર કરવાનું ઉત્તમ કાર્ય જ્ઞાનમંદિરમાં કરાયું છે : રમણલાલ વોરા

હિંમતનગર, તા. ૨૫

વડાલી તાલુકાના હાથરવા





ગામે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાના અધ્યક્ષતામાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો. હાથરવા હાઈસ્કૂલના -વેશદ્વાર, પેયજળની પરબ અને -ાથનાહોલના લોકાર્પણ કરતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યુ હતુ કે, શિક્ષણ સાથે ચરિત્ર ઘડતર કરવાનું ઉત્તમ ઉદાહરણરૂપ કામ જ્ઞાન મંદિરમાં થાય છે.

મંત્રીશ્રીએ ઈડર અને વડાલી તાલુકાના વિકાસલક્ષી કામોની વાત કરતા જણાવ્યું હતું કે બે તાલુકાના ગામો માટે રૂ.૮૮૯ લાખ વિકાસલક્ષી કામોમાં ખર્ચવામાં આવશે. જેમાં રસ્તા, પીવાના પાણી તેમજ માળખાકીય સુવિધાઓ વિકાસવવામાં આવશે. જેમાં વડાલી તાલુકો એક શિક્ષણની નગરી તરીકે વિકસી રહ્યો છે. જેમાં અંગ્રેજી માધ્યમની કોમર્સ કોલેજ, પોલીટેકનિક કોલેજ, આઈટીઆઈ સહિતના ઉચ્ચ અભ્યાસની શૈક્ષણિક કોલેજોએ વિધાર્થીઓના શિક્ષણની દિશા બદલી નાંખી છે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, ગામમાં ઉચ્ચ અભ્યાસ માટે વિજ્ઞાન -વાહની શાળા શરૂ કરવામાં આવી છે. જેના થકી આસપાસના આદિવાસી અને બક્ષીપંચના વિધાર્થીઓ શૈક્ષણિક સુધારો આવ્યો છે. સિંચાઈની યોજનાની વાત કરતા જણાવ્યુ હતુ કે, ઈડર અને વડાલી તાલુકાના ૨૬ તળાવો ભરવાની યોજના પરીપૂર્ણ થઈ છે ત્યારે વરસાદી વહી જતા પાણીનો ઉપયોગ થઇ શકે તે માટે ૨૨ ગામોમાં રૂ. ૬ કરોડના ખર્ચે તળાવો ભરવામાં આવશે.

આ -સંગે સંતશ્રી દેવકરણ મહારાજ, વડાલીના અગ્રણી શ્રી તખતસિંહ હડિયોલ, વડાલી માર્કેટ યાર્ડના -મુખશ્રી જયંતિભાઇ પટેલ, અમીચંદ ભાઇ પટેલ મામલતદાર શ્રી પટેલ, તાલુકા પંચાયતના સદસ્યશ્રી ભીખાભાઇ પરમાર, સરપંચ શ્રીમતી ગીતાબેન વણકર સહિત આસપાસ ગામના સરપંચશ્રીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસથિત રહયા હતા.

# પ્રાંતિજ હાઈવે પર દાર પી ને છાકટા બનેલા કાર ચાલકનો આતંક

## પોલીસકર્મીઓ સહિત સાતને અડફેટે લીધા : નવ પરિણીત યુગલને ગંભીર ઈજાઓ

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ત્રણ રસ્તા પાસે એક કાર ચાલકે નશામાં ધુત થઈને આડેધડ કાર હંકારતા ત્રણ બાઈક સવાર તથા બે ટ્રાફીક પોલીસ સહિત કુલ સાત જણને અડફેટે લીધા હતા. ઈજા પામેલાઓમાંથી બે જણને ગંભીર ઈજા પહોંચતા તેમને વધુ સારવાર અર્થે હિંમતનગર ખસેડવામાં આવ્યા હતા.

હિંમતનગરથી અમદાવાદ તરફ જતી એક ઝેન એસ્ટીલો જીજે-૧-કેએફ-૫૩૯૮ નંબરવાળી કારે પ્રાંતિજ નેશનલ હાઈવે પર આવેલા ત્રણ રસ્તા પાસે ત્રણ રાહદારીઓ, હાઈવે પર ફરજ બજાવી રહેલા બે ટ્રાફિક પોલીસ કર્મીઓ તેમજ ત્રણ બાઈકને હડફેટે લેતા આસપાસ ઉભેલા લોકોમાં ફફડાટ સહિત નાસભાગ મચી જવા પામી હતી. આ નાસભાગમાં પણ કેટલાક રાહદારીઓને ઈજાઓ પહોંચી હતી. આ કારની અડફેટમાં આવેલા એક નવપરિણિત રાવલ યુગલને ગંભીર ઈજાઓ થતા તેમને વધુ સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે બે પોલીસ કર્મી સહિત બાકીના ઈજાગ્રસ્તોને પ્રાંતિજ સામૂહિક કેન્દ્ર ખાતે સારવાર અપાઈ રહી છે. દારૂ પી ને છાકટા બની આ અકસ્માત સર્જનાર કાર ચાલકની પોલીસે ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



પાલનપુર ખાતે જી.ડી. મોદી કોલેજ ગ્રાઉન્ડ પર ખેલ મહાકુંભ અંતર્ગત મંદબુદ્ધિના ૬૫૦ બાળકોએ જુદી જુદી રમતો રમી મજા માણી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ગણવા ગામે ટ્રેક્ટર પલ્ટી ખાતા એક વ્યક્તિનું મોત

ખેડબ્રહ્મા, તા. ૨૫

પોશીના તાલુકાના ગણવા ગામે ટ્રેક્ટર ડ્રાઈવરે પોતાના કબજાનું ટ્રેક્ટર પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારતા ટ્રેક્ટર રોડની સાઈડમાં પલ્ટી ખાઈ જતાં એક વ્યક્તિનું મોત નિપજવા તથા એક વ્યક્તિને ઈજા પહોંચવાના બનાવ સંદર્ભે પોશીના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

પોશીના તાલુકાના ગણવા ગામે શનિવારે સાંજના છ વાગ્યાના સુમારે ટ્રેક્ટર નંબર જીજે-૮-જે-૭૩૨૪ના ડ્રાઈવરે પોતાના કબજાનું ટ્રેક્ટર પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારતાં ગણવા ગામના ડેગર કુવા પાસે ટ્રેક્ટર રોડની સાઈડમાં પલ્ટી ખાઈ ગયું હતું. જેથી ટ્રેક્ટર ઉપર બેઠેલા બે વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. જેમાં અજીતભાઈ કશનાભાઈ ધ્રાંગી ઉં.વ. ૨૯ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ ઉપર મોત નીપજ્યું હતું. જ્યારે દીલીપભાઈ સાયબાભાઈ ધ્રાંગી રે. ગણવાને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે મૃતકના પિતા કસનાભાઈ લુંબાભાઈ ધ્રાંગીએ અકસ્માત સર્જ નાસી છુટેલ અજાણ્યા ટ્રેક્ટર ડ્રાઈવર વિરૂદ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# પાલનપુરમાં ગેરકાયદે બાંધકામો સામે તંત્રના આંખ મિંચામણા

પાલનપુર તાલુકાના ટાઉન પ્લાનીંગ કમિટી દ્વારા શહેરમાં બની રહેલા ગેરકાયદેસર નવિન બાંધકામો પ્રતિ આંખ મિંચામણા કરાઈ રહ્યા હોવાનું જણાયું છે. સરકારી નિતી નિયમોને નેવે મુકીને કરાતા આ મંજૂરી વગરના બાંધકામો છડે ચોક શરતભંગ કરી રહ્યા છે. ગેરકાયદેસર બાંધકામો અંગે તાજેતરમાં પાલિકા દ્વારા જામપુરાના માર્ગે કેટલીક દુકાનોના ઓટલા અને વધારાનું દબાણ કરાયેલું બાંધકામ તોડી પડાયું હતું. પરંતુ આજ માર્ગના છેવાડે આવેલી ગેરકાયદેસર ઈમારત સામે આંખ મિંચામણા કરાયા હોવાની બાબત ઉજાગર થવા પામી છે. આ અંગે નગરજનોમાં તંત્રની-આર્કિટેકટો-બિલ્ડરોની સાંઠગાંઠ હોવાની ચર્ચા ચાલી રહી છે.

# વડાગામે તસ્કરો મંદિરમાંથી ભંડારો ઉઠાવી ગયા

વડાગામ, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના વડાગામમાં ગઈકાલે મધ્ય રાત્રિ બાદ ત્રાટકેલા ઘરફોડીયા ચોરોએ મહાકાળી માતાજીના મંદિરના ભંડારામાં રહેલા ૪ થી ૫ હજાર રૂપિયાની ચોરી કરી જતા ગામમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આખો ભંડાર ઉઠાવી જઈ સ્કૂલ પાછળ તોડી તેમાંથી રૂપિયા કાઢી લઈ પલાયન થઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ વડાગામ ખાતે સ્કૂલની નજીકમાં અખેલ મહાકાળી માતાજીના મંદિરમાં રાત્રે ત્રાટકેલા તસ્કરોએ મંદિરની ચીજવસ્તુઓ ફેંકી દીધી હતી અને ભંડારોઆખોજ ઉઠાવી જવાની ઘટનાની જાણ થતા લોકો મંદિરમાં દોડી આવ્યા હતા અને કાયમ અહી પોલીસ ઉંઘતી જ રહે છે તેવી ચર્ચાઓ પણ કર્તા હતા. મહાકાળી માતાજીના મંદિરમાં આ રીતે ત્રણ-ચાર વખત ચોરી થઈ હતી. પણ પોલીસ ફરિયાદ નહી નોંધાતા ચોરોને જાણે કે મજા પડી ગઈ હતી.

# પોશીનાના છત્રાંગમાં મહીલાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

ખેડબ્રહ્મા, તા. ૨૫

પોશીના તાલુકાના છત્રાંગ ગામની રહીશ બચુભાઈ ધર્માભાઈ પરમારની પત્ની બધકીબેન ઉં.વ. ૩૦ બે પ્રસુતિના ઓપરેશન બાદ છેલ્લા બે ત્રણ માસથી બેચેન અને દિલગીર રહેતી હતી. તેથી શુક્રવારે સવારના સુમારે પોતાના ઘરમાં મોભે કપડું બાંધી ગળે ફાંસો ખાઈ જીવનનો અંત લાવી દીધો હતો. આ અંગે મૃતકના પતિ બચુભાઈ ધર્માભાઈ પરમારે પોશીના પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કંજરી કંપા માર્ગ પર બે બાઈક અકસ્માત : બે નો આબાદ બચાવ

ધનસુરા, તા. ૨૫

ધનસુરા બાયડ માર્ગ પર ગત રોજ સાંજના સુમારે કંજરી કંપા નજીક અંધારાના લીધે બે બાઈક અકસ્માત થયા હતા જો કે આ અકસ્માતમાં કોઈને ઈજાઓ થવા પામી ન હતી. અને આ અંગે કોઈ ફરિયાદ પણ થવા પામી ન હતી.

ધનસુરા બાયડ માર્ગ પર સ્થિત કંજરી કંપા નજીક ગતરોજ કંજરી કંપા ગામનો જ યુવાન પીન્ટુ પ્રવિણભાઈ પટેલ પોતાનું બાઈક લઈ માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન અંધારૂ હોવાથી અને આગળથી પસાર થતી ટ્રકની લાઈન ન હોવાના કારણે યુવાન બાઈક લઈ ટ્રક પાછળ ઘુસી ગયો હતો જો કે કોઈ મોટી ઈજાઓ થવા પામી ન હતી.

જ્યારે બીજા એક બનાવમાં કંજરીકંપા ગામમાં રહેતા અને નિવૃત્ત શિક્ષક પી.આઈ. પટેલને અંધારામાં માર્ગ ના નજરે પડતા માર્ગ પાસેના કપચીના ઢગલા પર બાઈક લઈ ચડી ગયા હતા તેમને પણ શરીરે સામાન્ય ઈજાઓ થઈ હતી. આ મામલે કોઈ ફરિયાદ થવા પામી નથી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એકસકલુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૬૧
સુવિધાઓ
EXIDE
કેસ્ટ્રોલ